# ગીફ્ટ સીટી ખાતે નવરાત્રીમાં 'અંડર ધ મૂન લાઈટ ગરબા ૨૦૨૩' યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સેવા કામગીરીને વેગ આપવાના ઉમદા આશયથી શિક્ષાપત્રી ફાઉન્ડેશન ગાંધીનગર અને જોકર્સ આઈ ઈવેન્ટસ્ ના સંયુક્ત ઉપક્રમે નિજાનંદ ફાર્મ, ગીફ્ટ સીટી, ગાંધીનગર ખાતે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે 'અંડર ધ મૂન લાઈટ ગરબા ૨૦૨૩'ના નામથી જગતજનની મા અંબાનાં શક્તિના પર્વ નવરાત્રી ઉજવણી કરવામાં આવશે. નવરાત્રી મહોત્સવ ઉજવણીના આયોજનની વિગત આપતા શિક્ષાપત્રી ફાઉન્ડેશનના ટ્રસ્ટી નિમેષભાઈ ચૌધરી અને વિષ્ણુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, 'અંડર ધ મૂન લાઈટ ગરબા ૨૦૨૩'ના નામથી શક્તિ પર્વ નવરાત્રીની ઉજવણી નિજાનંદ ફાર્મ ગીફ્ટ સીટી ખાતે કરવામાં આવશે. નિજાનંદ ફાર્મ ગીફ્ટ સીટીમાં નવરાત્રી મહોત્સવનું

## શિક્ષાપત્રી ફાઉન્ડેશન ગાંધીનગર અને જોકર્સ આઈ ઈવેન્ટસના સંયુક્ત ઉપક્રમે નિજાનંદ ફાર્મ ખાતે આયોજન : આઠમના નોરતે ખાસ ડ્રોન શોથી મહાઆરતી કરાશે




આયોજન ૭.૫૦ લાખ સ્કવેર ફૂટ ગ્રાઉન્ડ એરિયામાં કરવામાં આવશે. આ સાથે ૩.૫૦ લાખ સ્કવેર ફૂટ પાર્કિંગ એરિયાની સુવિધા કરવામાં આવ્યું છે.

શિક્ષાપત્રી ફાઉન્ડેશન દ્વારા નવરાત્રી ગરબાના આયોજન માંથી જે આવક થશે, તેમાંથી નવરાત્રિનો ખર્ચ બાદ કર્યા બાદની રકમનો ઉપયોગ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષાપત્રી ફાઉન્ડેશન દ્વારા કોરોનાકાળ દરમિયાન ૨૫૦૦ પરિવારને સવાર - સાંજના ભોજનની ટિફિન સર્વિસ ડોર ટુ ડોર આપવામાં આવતી હતી. તેમજ કોરોના કાળ દરમિયાન ઓક્સિજનની બોટલ અને મેડિકલ સેવા પણ આ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવી હતી. અત્યારે હાલ આ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે નિયમિત ૫૦૦ માણસોને ખીચડીનું વિતરણ કરવામાં આવે છે. નવરાત્રી મહોત્સવ દરમિયાન જગત જનનીની આરાધના કરવાના ભાવથી આઠમના દિવસે ખાસ ડ્રોન શો નું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ બાકીના તમામ દિવસો દરમિયાન ગુજરાતના નામાંકિત કલાકારો દ્વારા ગરબાની રમઝટ જમાવવામાં આવશે. સેવાના ઉમદા ભાવ સાથે શરૂ થનાર નવરાત્રી મહોત્સવમાં ગાંધીનગર અમદાવાદ અને આસપાસના વિસ્તારના રહીશોને પધારવા માટે શિક્ષાપત્રી ફાઉન્ડેશનના હિતેશ ચૌધરી અને જોકર્સ આઈ ઈવેન્ટસના રવિ ચતવાણી દ્વારા આમંત્રણ પણ પાઠવવામાં આવ્યું છે.

# સરગાસણમાં શ્રી શતામૃત મહોત્સવના આમંત્રણ રથની પધરામણી



ગાંધીનગર, તા. ૨૦

સરગાસણ' વિસ્તાર ખાતે શ્રી શતામૃત મહોત્સવ સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના આમંત્રણ રથની શનિવારે સવારે સરગાસણ વિસ્તારમાં પધરામણી થઈ હતી. આ પ્રસંગે આ વિસ્તારની તમામ સોસાયટીઓના હોદેદારો તથા વસાહતી દ્વારા રથનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને મોટી સંખ્યામાં સરગાસણ રહેવાસીઓએ ધર્મ લાભ લીધો હતો. સમગ્ર કાર્યકમને સફળ બનાવવા માટે સરગાસણ વસાહત મંડળના પ્રમુખ વિપુલ ઠાકર, સહમંત્રી મેહુલસિંહ રાઓ, કા. સભ્ય જીજ્ઞેશસિંહ વાઘેલા, સંગઠનમંત્રી ભાસ્કર દલવાડી, સગંઠન સહમંત્રી દિનેશભાઈ દેસાઈ, સંગઠન સહમંત્રી વિજયભાઈ ઠાકર તેમજ ખજાનચી- કાંતિભાઈ પ્રજાપતિએ તેમજ તમામ સોસાયટીના પ્રમુખ-મંત્રીઓ અને વસાહતીઓએ જહેમત ઉઠાવી હતી.



ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી-નિફ્ટ ખાતે જી-૨૦ ડેપ્યુટીઝ એન્ડ હેથ મિનિસ્ટર્સ મીટ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમ ''આપુરવસ્ત્ર-નિરામય પંથ'' થીમમાં મુખ્યમંત્રી તેમજ કેન્દ્રિય આરોગ્યમંત્રી સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં વડાપ્રધાનના 'મિશન લાઈફ' પરના વિઝનો ધ્યાનમાં રાખીને 'આયુર્વસ્ત્રમ્' એટલે કે આરોગ્ય માટેના વસ્ત્રો આધારિત સાંસ્કૃતિક ફેશન શો યોજવામાં આવ્યો હતો.



સેક્ટર-૪-એ માં કોકીલાબેન પરમારના ઘરે ૧૯-૮-૨૦૨૩ના રોજ ભજનનો કાર્યક્રમ યોજાયો હતો.

# આજે સે.૬માં ભુવનેશ્વર મહાદેવ ખાતે ૨૧કિલો ભસ્મથી મહાઆરતી યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ ચુક્યો છે અને શહેરમાં અનેક શ્રદ્ધાળુઓ ભગવાન ભોળાનાથની આરાધનામાં લીન થઈ ચૂક્યા છે. શ્રાવણ માસમાં સોમવારનું ખૂબ મહત્વ હોય છે અને આ દિવસે મહાદેવને રિઝવવા ભાવિકો અનેકવિધ રીતે પૂજા-અર્ચના કરતા હોય છે. ગાંધીનગરના સેક્ટર-૬માં ભુવનેશ્વર મહાદેવના મંદિરે શ્રવણ માસના પ્રથમ સોમવારે તા.૨૧મી ઓગસ્ટના રોજ સાંજે ૭.૩૦ કલાકે ૨૧ કિલો ભસ્મના અભિષેક સાથે ભવ્ય મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ નિમિત્તે દર્શન પ્રસાદનો લાભ લેવા આયોજકો દ્વારા ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

**લોકોને દવાઓની ગુણવત્તા, સુલભતા અને પરવડે તેવી ક્ષમતા પ્રદાન કરવાની દ્રષ્ટિએ**

# ભારતનું જન ઔષધિ કેન્દ્ર મૉડલ વિશ્વમાં શ્રેષ્ઠ છે

ગાંધીનગર, તા. ૨૦

"અમારું વિઝન સ્પષ્ટ છે, અમારાં લક્ષ્યો મહત્વાકાંક્ષી છે, અને અમારો નિશ્ચય અવિરત છે." એમ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગાંધીનગરમાં જી-૨૦ આરોગ્ય મંત્રીની બેઠક દરમિયાન ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે ભારતીય ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને જી-૨૦ મંત્રીઓ અને પ્રતિનિધિઓને કરેલાં મુખ્ય સંબોધનમાં જણાવ્યું હતું.

ડૉ. માંડવિયાએ ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ઉપકરણોનાં ક્ષેત્રમાં ભારતની કુશળતાને ગર્વભેર સ્વીકારી હતી અને ફાર્માસ્યુટિકલ ઉત્કૃષ્ટતા માટે વૈશ્વિક કેન્દ્ર તરીકેની તેની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "ભારતને વૈશ્વિક ફાર્માસ્યુટિકલ લેન્ડસ્કેપમાં પાયાના પથ્થર તરીકે માન્યતા આપવામાં આવી છે." પરવડે તેવી, ઉચ્ચ-ગુણવત્તાની દવાઓ પૂરી પાડવાનાં દેશનાં સમર્પણ અને વૈશ્વિક સુલભતામાં તેનાં નોંધપાત્ર યોગદાન પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં ભારત વિશ્વની રસીની જરૂરિયાતોનો લગભગ ૬૦ ટકા હિસ્સો અને જેનરિક નિકાસનો ૨૦-૨૨ ટકા હિસ્સો પૂરો પાડે છે.

ડૉ. માંડવિયાએ માનવતાની સુખાકારી માટે ભારતની, ખાસ કરીને કોવિડ-૧૯ મહામારી દરમિયાન પ્રદર્શિત અતૂટ કટિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. "મહામારી સામેની લડાઈમાં, ભારતે લગભગ ૧૮૫ દેશોને આવશ્યક દવાઓનો પુરવઠો પૂરો પાડ્યો હતો," એમ તેમણે ગર્વથી શેર કર્યું હતું અને વૈશ્વિક નેતા તરીકે ભારતની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

મુખ્ય સંબોધનમાં આરોગ્ય સંભાળનાં ભાવિ માટે ભારતના દ્રષ્ટિકોણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જે વૉલ્યુમ-આધારિત અભિગ મોમાંથી મૂલ્ય-આધારિત નેતૃત્વ મૉડલ તરફની સંક્રાંતિની આસપાસ કેન્દ્રિત હતું. તેમણે ઉમેર્યું હતું કે, "ગુણવત્તા, સુલભતા અને હેલ્થકેરમાં પરવડે તેવી ક્ષમતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અવિશ્વસનીય છે." પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ, ભારતની સરકાર આરોગ્યસંભાળ ક્ષેત્રમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવા માટે મક્કમ છે.

# શહેરના મુખ્યમાર્ગો સ્થિત સર્કલોની સુંદરતા નિખારવા સંસ્થાઓને સ્મૃતિ પત્રો લખવામાં આવશે

**કોરોના કાળમાં સર્કલોની જાળવણી થઇ નથી ત્યારે આકર્ષણ ગુમાવતા સર્કલોની દરકાર લેવા માટે વાઇબ્રન્ટ પુર્વે ડિસેમ્બરમાં કામ પુર્ણ કરી દેવાશે : સર્કલોની જાળવણીની જવાબદારી સંભાળતી સંસ્થાઓને તંત્ર સુચના આપશે**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેર સર્કલોની નગરી તરીકે પણ આગવી ઓળખ ધરાવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરના સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે. અગાઉ કોરોના કાળના લીધે વાઈબ્રન્ટ સમિટનુ પણ આયોજન કરવામાં આવ્યુ ન હતુ જેના લીધે સર્કલોની દરકાર લેવાનુ કામ પણ થયુ નથી. આગામી વર્ષના પ્રારંભે વાઈબ્રન્ટની ઉજવણી માટે શહેરને શણગારવા માટે તંત્રએ અત્યારથી જ પુર્વ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જયારે શહેરના ૨૩ સર્કલોની જાળવણીનુ કામ સંભાળતી વિવિધ ખાનગી અને શૈક્ષણિક સંસ્થાઓને પણ સર્કલોની સુંદરતા નિખરે તે માટે સ્મૃતિ પત્ર પાઠવવામાં આવશે.

ગાંધીનગરના માર્ગો પર સ્થિત વિવિધ સર્કલોને દોઢ દાયકા અગાઉ નવા નામ આપવામાં આવ્યા હતા જયારે સર્કલોના નવા નામાભિધાન સાથે તેની સુંદરતા નિખરે તે માટે સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવામાં આવ્યા હતા જયારે સર્કલોની જાળવણી અને વિકાસની કામગીરી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને સોંપવામાં આવી હતી અલબત્ત સંસ્થાઓને સર્કલો દત્તક આપવામાં આવ્યા બાદ નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો સ્થાનિક નગરજનો તેમજ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. પરંતુ છેલ્લા ઘણાં સમયથી સર્કલોની દરકાર લેવાના મામલે ઉદાસીનતા સેવાઈ રહી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આગામી સમયમાં વાઈબ્રન્ટ સમિટનુ પણ આયોજન કરવામાં આવશે જેને અનુલક્ષીને શહેરની સજાવટ માટે પણ તંત્રના વિવિધ વિભાગોએ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં શહેરના માર્ગોના રીસરફેસીંગ સાથે રોડ ફર્નિચર અને ફુટપાથની જાળવણી અને કર્બિંગને કલર કરવા ઉપરાંત બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. આ તબક્કે સર્કલોની સુંદરતા નિખારવા માટે પણ અત્યારથી જ તંત્ર હરકતમાં આવ્યુ છે. શહેરમાં અંદાજિત ૨૩ જેટલા સર્કલોની જાળવણી અને વિવિધ થીમ પર વિકસાવવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી વિવિધ સંસ્થાઓને સર્કલો દત્તક આપવામાં આવ્યા છે. જયારે સંસ્થાની ઓળખ પણ આ સર્કલના લીધે વધુ પ્રબળ બને છે. પરંતુ કોરોના કાળમાં છેલ્લા ત્રણ વર્ષથી સર્કલોને નિખારવાની કામગીરી કોરાણે રહી ગઈ હતી જયારે આગામી દિવસોમાં વાઈબ્રન્ટ સમિટનુ પણ આયોજન કરવામાં આવનાર છે. ત્યારે સર્કલોના રીપેરીંગ, રંગરોગાન અને જરૂર મુજબ નવા થીમ પર વિકસાવાના આયોજનને અનુલક્ષી હવે ટુંકમાં જ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આ સંસ્થાઓને સ્મૃતિ પત્ર આપવામાં આવશે જયારે આગામી વાઈબ્રન્ટ પુર્વે અલબત્ત ડિસેમ્બર સુધીમાં સર્કલોને નિખારવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવે તે મુજબ આયોજન કરવામાં આવશે.

# પોરબંદરથી મોતીહારી જતી ટ્રેનને મહેસાણામાં સ્ટોપેજ મળ્યું

ગાંધીનગર, તા. ૨૦

પોરબંદરથી મોતીહારી જતી ટ્રેનને મહેસાણામાં સ્ટોપેજ મળ્યું છે. ટ્રેનને સ્ટોપેજ મળતાં ૧૫ હજારથી વધુ પરિવારને ફાયદો થશે. ૨૦ વર્ષ બાદ સ્ટોપેજ મળતાં બિહારી સમાજમાં ખુશીની લહેર છવાઈ છે. જેથી બિહારી સમાજે પ્રધાનમંત્રી અને રેલ મંત્રીનો આભાર માન્યો હતો.

પોરબંદર થી મોતીહારી જતી ટ્રેનને મહેસાણા સ્ટોપેજ મળ્યું છે. છેલ્લા ૨૦ વર્ષથી આ ટ્રેન ચાલી રહી છે. ૨૦ વર્ષથી દોડતી આ ટ્રેનના સ્ટોપેજ માટે બિહારી સમાજ લાંબા સમયથી રજૂઆત કરી રહ્યો હતો. પરંતુ ટ્રેનને સ્ટોપેજ નહોતું મળી રહ્યું. બિહારી સમાજ દ્વારા રાજ્યસભા સંસદને રજૂઆત કરાઈ હતી. ત્યારબાદ જુગલજીએ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને ટ્રેનને સ્ટોપેજ આપવા રજુઆત કરી હતી. ૨૦ વર્ષ બાદ આ ટ્રેનને સ્ટોપેજ મળતા પરપ્રાંતીય સહિત બિહારી સમાજમાં ખુશીની લાગણી છવાઈ છે. ટ્રેનને સ્ટોપેજ મળતા ૧૫ હજારથી વધુ પરિવારોને સીધો ફાયદો થશે. ટ્રેનને સ્ટોપેજ મળતા બિહારી સમાજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રેલ મંત્રીનો આભાર માન્યો હતો. મહત્વનું છેકે છેલ્લાં ૨૦ વર્ષથી આ ટ્રેન ચાલી રહી છે. જેમાં ટ્રેનના સ્ટોપેજ માટે બિહારી સમાજ રજૂઆત કરી રહ્યો હતો. પરંતુ ટ્રેનને સ્ટોપેજ મળી રહ્યું ન હતું. આખરે બિહારી સમાજ દ્વારા તત્કાલીન રાજ્યસભા સાંસદ જુગલજી ઠાકોરને રજૂઆત કરી હતી. જેના પછી તેમણે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરતાં મહેસાણાને સ્ટોપેજ માટે મંજૂરી મળી અને ૧૫ ઓગસ્ટથી સ્ટોપેજની શરૂઆત થઈ ગઈ છે.

**ઈન્ડિયા મેડટેક એક્સ્પો ૨૦૨૩ વૈશ્વિક મંચ પર**

# ભારતીય મેડટેક ઉદ્યોગની પ્રગતિ, ઈનોવેશન અને યોગદાનનું પ્રદર્શન

**શ્રી ભગવંત ખુબા, માનનીય કેન્દ્રીય રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી, ભારત સરકાર, ગુજરાતના ગાંધીનગરમાં ઈન્ડિયા મેડટેક એક્સ્પો ૨૦૨૩ ૧૯મી ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ના સમાપન સત્રને સંબોધિત કર્યુ**

ગાંધીનગર, તા. ૨૦

શ્રી ભગવંત ખુબા, માનનીય કેન્દ્રીય કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ રાજ્ય મંત્રી, ભારત સરકાર એ ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ગાંધીનગર, ગુજરાત ખાતે ઈન્ડિયા મેડટેક એક્સ્પો ૨૦૨૩ના વિદાય સત્રને સંબોધિત કર્યું. પ્રદર્શનમાં અત્યાધુનિક ઈમેજિંગ સિસ્ટમ્સથી લઈને ચોકસાઈવાળા સર્જીકલ સાધનો, પહેરવા યોગ્ય હેલ્થ મોનિટરથી લઈને છેં-સંચાલિત ડાયગ્નોસ્ટિક ટૂલ્સ સુધીના તબીબી સાધનોની વિશાળ શ્રેણી પ્રદર્શિત કરવામાં આવી હતી. ત્રણ દિવસીય એક્સ્પો દરમિયાન તબીબી ઉપકરણ ક્ષેત્ર માટે સંબંધિત થીમ પર વિવિધ સત્રો યોજાયા હતા. શ્રી ખુબાએ જણાવ્યું હતું કે એક્સ્પોએ અમને ભારતીય મેડટેક ઉદ્યોગની પ્રગતિ, ઈનોવેશન અને યોગદાનને વૈશ્વિક મંચ પર પ્રદર્શિત કરવા સક્ષમ બનાવ્યા છે. એક્સ્પોમાં સ્જીસ્ઈ, સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ, રાજ્ય સરકારો, કેન્દ્ર અને રાજ્યની પ્રાપ્તિ એજન્સીઓ, નિયમનકારી એજન્સીઓ વગેરે સહિત વૈશ્વિક અને ભારતીય કંપનીઓની મોટી ભાગીદારી જોવા મળી હતી. ગુજરાત સરકારે તમામ પ્રકારનો ટેકો પૂરો પાડ્યો હતો અને ઈવેન્ટની સુવિધા આપી હતી. તેમણે માહિતી આપી હતી કે ખરીદનાર-વિક્રેતા મીટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ બે દિવસમાં ૪૦૦૦થી વધુ મીટીંગો યોજાઈ હતી અને ૧૦૦૦૦થી વધુ મુલાકાતીઓએ ઈન્ડિયા મેડટેક એક્સ્પો ૨૦૨૩ની મુલાકાત લીધી હતી. ભારતમાં ૨૨૫ કંપનીઓ - ભારતીય (સ્જીસ્ઈ સહિત) અને વિદેશી કંપનીઓએ ભાગ લીધો હતો. , ૮૦ સ્ટાર્ટ-અપ્સ, ૭ રાજ્યો - મધ્યપ્રદેશ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ,




રાજસ્થાન, આંધ્ર પ્રદેશ અને ગુજરાત. સરકારી એજન્સીઓ અને સંસ્થાઓ જેમ કે. ફાર્માસ્યુટિકલ્સ વિભાગ, GeM, ICMR, IPC, CDSCO, NPPA y™u BIS એ પણ ભાગ લીધો હતો. એક્સ્પોમાં R&D પેવેલિયનમાં ૪૨ કંપનીઓ દ્વારા ૫૮ R&D પ્રોજેક્ટ જોવા મળ્યા હતા. ફ્યુચર પેવેલિયનમાં ૬૫ કંપનીઓ અને સંસ્થાઓની ૭૪ ભાવિ તકનીકો અને ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઈવેન્ટ માટે ૮ ગોલ્ડ અને ૧૦ સિલ્વર સ્પોન્સર હતા. વિદાય સત્ર દરમિયાન ગુજરાત સરકારના માનનીય આરોગ્ય મંત્રી શ્રી રૂષિકેશ ગણેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે દેશમાં વિશાળ પ્રતિભા છે અને તબીબી ઉપકરણ ક્ષેત્રમાં ઘણી તકનીકી નવીનતાઓ થઈ રહી છે. ગુજરાત દેશભરમાં ફાર્મા અને મેડિકલ ડિવાઈસ બંને ક્ષેત્રોમાં અગ્રણી રાજ્ય છે અને ગુજરાત સરકાર યોગ્ય તકની રાહ જોઈ રહેલા યુવા ઉદ્યોગ સાહસિકોને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડતી ઈકોસિસ્ટમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ભારત સરકારના રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ્સ વિભાગના સચિવ, શ્રીમતી એસ અપર્ણાએ તેમના સંબોધનમાં ઈન્ડિયા મેડટેક એક્સ્પો ૨૦૨૩ને એક મોટી સફળતા ગણાવી હતી અને રેખાંકિત કર્યું હતું કે આ એક્સ્પોએ સ્પષ્ટ સંદેશો પૂરો પાડ્યો છે કે દેશનું તબીબી ઉપકરણ ક્ષેત્ર સંપૂર્ણપણે તૈયાર છે. ઉતારો, નવીન કરો અને વિકાસ કરો. તેણીએ એ પણ પુનરોચ્ચાર કર્યો હતો કે કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને તબીબી ઉપકરણોના ક્ષેત્રના ઝડપી વિકાસને સરળ બનાવવા માટે તૈયાર છે અને આશા વ્યક્ત કરી હતી કે આ ક્ષેત્ર ટૂંક સમયમાં ફાર્મા સેક્ટર જેવો જ સફળ અભ્યાસક્રમ તૈયાર કરશે. એક્સ્પોએ તમામ હિતધારકોને એક પ્લેટફોર્મ હેઠળ આવવા અને વિચારો અને માહિતીની આપલે કરવા માટે નિર્ણાયક પ્લેટફોર્મ પૂરું પાડ્યું.



ગાંધીનગરમાં શેરી સફાઈની કામગીરી હજુ પુર્ણરૂપે ન થતી હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. કચરો એકત્રિત કરવાની કામગીરીમાં પણ નિયમિતતા ન જળવાતા રહીશો વારંવાર ફરિયાદ કરતા જોવા મળે છે. શહેરના સેકટરો ઉપરાંત જાહેર સ્થળોએ વરસાદી દિવસોમાં ગંદકી જોવા મળે છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગોકુળપુરામાં પણ કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. નિયમિત સફાઈ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે અનિવાર્ય છે.